૨૩

**અનુસુચિત જાતિના ધોરણ – ૧૨ના**
**વિધાર્થીઓને વિના મુલ્યે ટેબલેટ**
**આપવા બાબત**

**ગુજરાત સરકાર**
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક :એસસીડબલ્યુ / ૧૦૨૦૧૪/૯૭૧૪૦/ગ
સચિવાલય,ગાંધીનગર
તા.30/૦૫/૨૦૧૬

**વંચાણે લીધા** : (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૫/૦૮/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ / ૧૦૨૦૧૪/૯૭૧૪૦/ગ

(૨) નિયામકશ્રી,અજાકના તા. ૨૫/૦૮/૨૦૧૫ ના પત્ર ક્રમાંક : અજાક/ગ-૧ /૫/૧૫-૧૬/૬૦૬૧

**ઠરાવ :-**

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના આ વિભાગના તા.૦૫/૦૮/૨૦૧૪ ના ઠરાવ ધ્વારા રાજ્યમાં અનુસુચિત જાતિના મુળ ગુજરાતના આજના ઇન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં ઇન્ટરનેટ મરફત વિવિધ અભ્યાસક્રમોનુ વિવિધ ક્ષેત્રોનુ જ્ઞાન મેળવવા માટે નવી ટેકનોલોજી ની જાણકારી અને વપરાશ કરી શકે તે હેતુથી આધુનિક ટેકનોલોજી સજ્જયંત્ર/સાધનો હોવા અંત્યત જરૂરી છે.અનુ.જાતિના વિધાર્થીઓ અને વિધાર્થીઓની તુલનામાં પાછળ રહી ન જાય અને હાલની શિક્ષણ પધ્ધતિ સાથે અધતન ટેકનોલોજીના સમન્વય સાથે તેઓની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તે હેતુને ધ્યાને લઇ ધોરણ – ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા કરતા વધુ માર્ક્સ મેળવનાર અનુસુચિત જાતિના વિધાર્થીઓના મા – બાપ / વાલીની વાર્ષિક આવકને ધ્યાને લીધા સિવાય વિના મુલ્યે ટેબલેટ સહાય મંજુર કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના એસસીડબ્લુ/૧૦૨૦૧૪/૯૭૧૪૦/ગ,તા૦૫/૦૮/૨૦૧૪ ના ઠરાવથી ટેબલેટ સહાય મંજુર કરવામાં આવે છે. ત્યાર બાદ વંચાણે લીધા ક્રમ(૨) ઉપરના નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણના તા.૨૫/૮/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ : અજાક/ગ-૧/૫/૧૫-૧૬/૬૦૬૧થી ઉકત વિના મુલ્યે ટેબલેટ સહાયનો લાભ CBSE બોર્ડના ધોરણ – ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓને આ યોજનાનો લાભ આપી શકાય કે કેમ તે બાબત વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે CBSE બોર્ડના ધોરણ – ૧૨ વિજ્ઞાનપ્રવાહના અનુસુચિત જાતિના વિધાર્થીઓને વિના મુલ્યે ટેબલેટ આપવાની પ્રસ્તુત યોજનાનો લાભ આ યોજનાની અન્ય શરતોને આધિન મંજુર કરવાનુ આથી ઠરાવવામાં આવે છે

૩. આ વિભાગના તા. ૦૫/૦૮/૨૦૧૪ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૬/૦૧/૧૬ ની નોંધથી મળેલ સંમતિ તથા માન. મંત્રીશ્રી(સા.ન્યા) ની તા.૧૦/૦૫/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિક્ષિત જોષી)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
-એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
-નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર
-નાણાં સલાહકારશ્રી (સા.ન્યા)સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રીઅનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
-સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,(નિયામકશ્રી (અજાક) મારફત)
-સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,(પંચાયત) (નિયામકશ્રી (અજાક) મારફત)
-સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી,(નિયામકશ્રી (અજાક) મારફત)
-સેકશન અધિકારશ્રી (કોમ્પ્યુટર સેલ) સા.ન્યા અને અ.વિ વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સેકશન અધિકારશ્રી,બજેટ શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
-કોમ્પ્યુટર સેલ શાખા,વિભાગની વેબસાઇટ પર ઠરાવ મુકવાની વિનંતી સહ.
-સિલેકટ ફાઇલ.